### કાલોલ નગરપાલિકામા વોર્ડ નંબર 4ના કાઉન્સિલરો અને રહીશોનો હલ્લાબોલ

# પ્રમુખ-સીઓના ચેમ્બરોની તોડફોડ

**એક વર્ષથી** પડતર પ્રશ્નો ના કોઈ નિરાકરણ ન લાવતા આવેદન પત્ર આપવા આવેલ રહીશો બન્યા ઉગ્ર






(પ્રતિનિધિ) કાલોલ તા.8

કાલોલ નગરપાલિકાના વોર્ડ નંબર-4 હેઠળ આવતા ભાગ્યોદય સોસાયટી, જલારામનગર, મઠ ફળિયું અને વૃંદાવનનગર વિસ્તારમાં સફાઈ, પીવાનું પાણી અને વરસાદી પાણીના નિકાલ જેવી મૂળભૂત સમસ્યાઓને લઈને સ્થાનિક રહીશો અને કાઉન્સિલરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા એક વર્ષથી વારંવાર રજૂઆત છતાં પાલિકા દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

રહીશોએ આક્ષેપ કર્યો હતો કે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી ગત ચોમાસામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને હાલ સામાન્ય માવઠામાં પણ રસ્તાઓ પર પાણી ભરાઈ જાય છે. સાથે જ રોડના અધૂરા કામો અને અનિયમિત પાણી પુરવઠાથી લોકો પરેશાન બની ગયા છે.

સ્થાનિક રહીશો - અપક્ષ કાઉન્સિલરો સમસ્યાઓ અંગે આવેદનપત્ર આપવા નગરપાલિકા પહોંચ્યા હતા, પરંતુ પાલિકા પ્રમુખ હાજર ન હતા તેમજ ચીફ ઓફિસર ત્રણ દિવસની રજા પર હોવાનું જાણવા મળતા લોકોમાં વધુ રોષ ફેલાયો હતો.

"જ્યારે પણ રજૂઆત કરવા આવીએ છીએ ત્યારે કોઈ જવાબદાર અધિકારી હાજર હોતા નથી" તેવી નારાજગી વ્યક્ત કરી ઉગ્ર બનેલા ટોળાએ પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરની ચેમ્બરમાં તોડફોડ કરી ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

મીડિયા સાથે વાતચીતમાં સ્થાનિકોએ જણાવ્યું હતું કે તેઓ જિલ્લા કલેક્ટર સુધી રજૂઆત કરશે અને જો પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન અને પ્રતિક ઉપવાસ જેવા કાર્યક્રમો પણ હાથ ધરાશે.

### ધારાસભ્ય ગ્રાન્ટના પાણી ટેન્કરો ક્યાં ગાયબ?

# સિંગવડ તાલુકામાં પાણીના ટેન્કરો ભાડે ફેરવાતા હોવાથી લોકોમાં રોષ

**ટેન્કરો અંગે** પંચાયતો અજાણ? ભાડે ફેરવાતા હોવાની પણ ચર્ચા

(પ્રતિનિધિ) સિંગવડ તા.8

સિંગવડ તાલુકામાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ગયા વર્ષે પાણીના ટેન્કરો પંચાયતોમાં આપવામાં આવ્યા હતા જ્યારે પાણીના ટેન્કરોથી ગામડાના લોકોને લગ્ન પ્રસંગ મરણ પ્રસંગે પછી બીજા કોઈ પણ કામોમાં પાણીના ટેન્કરો ઉપયોગી બને તેના માટે પંચાયતોને ધારાસભ્ય ની ગ્રાન્ટમાંથી આપવામાં આવ્યા હતા પરંતુ આ પાણીના ટેન્કરો ભર ઉનાળામાં પણ લોકોને ઉપયોગી નથી બન્યા જ્યારે પાણીના ટેન્કરો પંચાયતના તમામ નાગરિકોને તેમના કોઈ પણ પ્રસંગ હોય તેમના માં ઉપયોગી બની શકે પરંતુ આ પંચાયત ના પાણીના ટેન્કર કોણ લઈ જાય તે પણ સરપંચ કે તલાટીને ખબર પડતી નથી તેમ લાગી રહ્યું છે જ્યારે પંચાયતના ટેન્કરો ગામડાના ગરીબ માણસોને પાણી માટે કામ લાગી શકે તો તેમને પાણીની વ્યવસ્થા મળી શકે જ્યારે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આ ટેન્કરો આપવામાં આવ્યા ત્યારે આ પંચાયતના દરેક નાગરિકો ને ઉપયોગી બને તે હેતુથી આપવામાં આવ્યા પરંતુ આ પાણીના ટેન્કરો તો પાણી માટે અમુક લોકોને ઉપયોગી થાય છે જે ગરીબ લોકો છે તેમને હેન્ડ પંપ કે પછી ભાડાના ટેન્કરનો ઉપયોગ કરવો પડે છે ખરેખર આ ટેન્કરોનો ની માહિતી પણ પંચાયતોમાં હોવી જોઈએ જ્યારે આ ઘણી પંચાયતોમાં ટેન્કરો ખોવાઈ ગયા હોય કે પછી બીજા લોકો લઈ જઈને ભાડે આપી ફેરવતા હોય એવી પણ ચર્ચા નો વિષય બનવા પામ્યો છે જ્યારે સિંગવડ તાલુકાના અધિકારીઓ દ્વારા પણ ખરેખર આ પાણીના ટેન્કરો જે તે પંચાયતોને આપ્યા તેમના પાસે છે કે નહીં તેની તટસ્થ તપાસ કરીને ગરીબ લોકોને પાણીની મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી તેવી માંગ ઉઠવા પામી છે

### ઉજ્જૈનથી ગોધરા જતી બસનો પ્રતાપપુરા પાસે અકસ્માત

# લીમખેડા પાસે મહાકાલ દર્શનથી પરત ફરતી લક્ઝરી બસ પલટી

વહેલી સવારે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો, 20થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત



(પ્રતિનિધિ) લીમખેડા તા.8

લીમખેડા તાલુકાના પ્રતાપપુરા કોલીયારી પાસે આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઉજ્જૈનથી મહાકાલના દર્શન કરીને ગોધરા પરત ફરી રહેલી ખાનગી લક્ઝરી બસ અચાનક રસ્તાની બાજુમાં આવેલા ઊંડા ખાડામાં પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં બસમાં સવાર 20થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

વહેલી સવારનો સમય હોવાથી મોટાભાગના મુસાફરો ઊંઘમાં હતા. તે દરમિયાન બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોડ પરથી ઉતરી ખાડામાં પલ્ટી મારી ગઈ હતી. અકસ્માત બાદ બસમાં ચીસોચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. 108 એમ્બ્યુલન્સની મદદથી તમામ ઈજાગ્રસ્તોને લીમખેડાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.લીમખેડા પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ટ્રાફિક વ્યવસ્થા સંભાળી બસને હટાવવાની કામગીરી હાથ ધરી હતી. હાલ પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. દ્વારા 31 નવા સ્નાતક અભ્યાસક્રમોનો પ્રારંભ

ગોધરા : શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬થી સ્નાતક કક્ષાના વિવિધ ૩૧ અભ્યાસક્રમો શરૂ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. કુલપતિ પ્રો. હરિભાઈ કાતરિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ અભ્યાસક્રમોમાં કળા, વિજ્ઞાન, વાણિજ્ય અને વ્યવસાયિક વિદ્યાશાખાઓનો સમાવેશ થાય છે: સાંસ્કૃતિક વારસાના જતન માટે પ્રથમ વખત બી.એ. અંતર્ગત ભરત ના ટ્યમ, કથક, કંઠ્ય સંગીત, તબલા અને નાટ્યકલા જેવા વિષયો શરૂ કરાયા છે. આ ઉપરાંત જીઓગ્રાફી, ફિલોસોફી અને સ્ટેટેસ્ટિક્સ જેવા વિષયો પણ પ્રથમવાર રજૂ કરવામાં આવ્યા છે. ચિત્રકલા, આર્ટ હિસ્ટ્રી, એસ્થેટિક્સ અને અપ્લાઈડ આર્ટસ જેવા વિશેષ અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

### બે દિવસીય તાલીમ શિબિરમાં 120 અધિકારીઓનું ચિંતન

# હાલોલના વાંકડિયા ગામે બોગસ ડોક્ટર ઝડપાયો, મુદ્દામાલ જપ્ત



(પ્રતિનિધિ) હાલોલ તા.8

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના વાંકડિયા ગામે કોઈ પણ પ્રકારની માન્યતા પ્રાપ્ત ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે એલોપેથીક તબીબી પ્રેક્ટિસ કરી રહેલા એક શખ્સને SOG પોલીસે ઝડપી પાડ્યો છે. આ મામલે કથોલા પી.એચ.સી. સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. જીજ્ઞેશ રામજીભાઈ પારગી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક વિગત મુજબ,જિલ્લા એસ.ઓ.જી. ગોધરાની ટીમને મળેલી બાતમીના આધારે મેડિકલ ઓફિસર અને ફાર્માસિસ્ટ દ્રષ્ટીબેન રાઠવાએ વાંકડિયા ગામે રોડ ઉપર આવેલા એક મકાનમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ત્યાં દવાખાનું ચલાવતા પ્રદિપ સશધર માંડલ રહે. રામનગર બગદાહ, જી. નોર્થ ૨૪ પરગાનસ, પશ્ચિમ બંગાળ) નામનો શખ્સ મળી આવ્યો હતો.પ્રદિપ માંડલ પાસે એલોપેથીક સારવાર કરવા માટેની મેડિકલ ડિગ્રી કે દવાઓ રાખવા માટેનું લાયસન્સ નહોતું. પંચોની હાજરીમાં કરવામાં આવેલી તપાસમાં તેના કબજામાંથી વિવિધ કંપનીની એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન્સ અને મેડિકલ સાધનો મળ્યા હતા. મુદ્દામાલમાં ક્લોબનેટ-જીએમ ક્રીમ, કેસ્ટર-એનએફ, વિવિધ એન્ટીબાયોટીક્સ ટેબ્લેટ્સ તથા ડિક્લોફેનેક, જેન્ટામિસિન અને ટેટનસ વેક્સિન જેવા ઈન્જેક્શન્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બીપી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર અને સિરીંજ જેવા સાધનો મળી કુલ રૂ. ૯,૬૬૫. ની કિંમતનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. પોલીસે આરોપી વિરુદ્ધ ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

## દાહોદ ગોદી રોડ ઉપર કચરાના ઢગલામાં લાગતા દોડધામ



(પ્રતિનિધિ) દાહોદ તા.8

દાહોદ શહેરના ગાદીરોડ ઉપર રાત્રિ દરમિયાન રસ્તાની બાજુના ખાલી રૂમમાં પડેલા કચરામાં કોઈક ઈસમ દ્વારા આગ લગાવી દેતા દોડધામ મચી હતી. મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે ફાયરને જાણ કરાતા લાશકરોએ આવી પાણીનો મારો કરી આગ ઉપર કાબુ મેળવ્યો હતો નસીબ જોઈએ કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી

### ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે ઓવરબ્રિજથી ખરોડ બાયપાસ સુધી કાયાપલટ કરાશે

# દાહોદમાં રૂા.5.52 કરોડના ખર્ચે 6 કિ.મી.નો ફોરલેન માર્ગ બનાવાશે

૨૦૦૦ થી વધુ વૃક્ષો કપાનાર હોવાથી પ્રકૃતિ પ્રેમીઓમાં ચિંતા



(પ્રતિનિધિ) કાલોલ તા.8

દાહોદમાં વર્ષોનું જૂનું ભારણ અને ટ્રાફિક સમસ્યાના કાયમી નિકાલ માટે ૬ કિ.મી. ના માર્ગને ફોરલેન બનાવવાની સરકાર દ્વારા મંજૂરી મળ્યા બાદ હવે રૂપિયા ૫.૫૨ કરોડના ખર્ચે દાહોદના ઓવર બ્રિજથી ખરોડ બાયપાસ સુધી ફોરલેન બનાવવાની કવાયત સડક દ્વારા હાથ ધરવામાં આવી છે. દાહોદ શહેરના ઝાલોદ રોડ ઓવરબ્રિજથી નેશનલ હાઈવે ૫૬ સુધીના ૬ કિ.મી. ના માર્ગની કાયાપલટ થવા જઈ રહી છે. ખાસ કરીને ટ્રાફિક થી સતત ધમધમતા આ માર્ગ પર વણતા જતા ભારણને દૂર કરવા માટે તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. સ્કૂલ, કોલેજો તેમજ મોટાભાગની સરકારી કચેરીઓ તથા જિલ્લા કોર્ટ (ન્યાયાલય) આ માર્ગ પર આવેલ હોવાથી દિવસભર આ માર્ગ ટ્રાફિકથી અત્યંત વ્યસ્ત રહે છે. સાથે જ સૌથી વધુ વિકાસ પામતા આ માર્ગ પર આવનારા સમયમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે શરૂ થયા બાદ ભારણ વધશે. તે આવતા પહેલા પ્લાન ખાંખીવપ૪ઉકિંગ ને સાર્થક કરવા માટે માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ કરી ફોરલેનની કામગીરી શરૂ કરવાની કવાયત હાથ ધરી છે. આ ફોરલેન માર્ગમાં બંને બાજુ ૧.૫ મીટર નો ડામર સર્ફેસિંગ રોડ, રોડની બંને તરફ ૨. ૫ મીટરના પેવર બ્લોકની સુવિધાવાળી ફૂટપાથ, વચ્ચે ડિવાઈડર સહિતની સુવિધાઓ ઊભી કરાશે. આ ઉપરાંત સોલાર સ્ટ્રીટ લાઈટ, અદ્યુષ કેમેરા તેમજ સાઈન બોર્ડ પણ લગાડવામાં આવશે. ફોરલેન માર્ગમાં અડચણરૂપ દબાણો દૂર કરવામાં આવશે. ઝાલોદ રોડ ઓવરબ્રિજથી ખરોડ બાયપાસ સુધીના માર્ગ પર બંને તરફ નાના-મોટા પુલ, નાળા પહોળા કરવામાં આવશે સાથે જ ફોરેસ્ટની જમીનમાં કેટલુંક દબાણ હોવાથી એ દબાણ દૂર કરવામાં આવશે.

## સુપ્રિમ કોર્ટ ખાતે પેન્ડીંગ સમાધાનલાયક કેસોના નિકાલ માટેની સુવર્ણ તક

દાહોદ : સુપ્રિમ કોર્ટ દ્વારા ન્યાયને સરળ, સુલભ અને નિઃશુલ્ક બનાવવા માટે "સમાધાન સમારોહ 2026"નું આયોજન કરવામાં આવ્યું છે. 21 એપ્રિલથી શરૂ થયેલ આ અભિયાનનો મુખ્ય હેતુ સમાધાન દ્વારા સુપ્રિમ કોર્ટમાં પેન્ડિંગ કેસોનું ઝડપી નિરાકરણ લાવવાનો છે. ઈચ્છુક પક્ષકારો અને વકીલો વ્યક્તિગત અથવા ઓનલાઈન માધ્યમથી જોડાઈ શકે ભાગ લેવા માટે સુપ્રિમ કોર્ટની વેબસાઈટ પર ઉપલબ્ધ ગૂગલ ફોર્મ ભરવાનું રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ 31 મે 2026 છે. જ્યારે 21, 22 અને 23 ઓગસ્ટ 2026ના રોજ વિશેષ લોક અદાલત યોજાશે. વધુ માહિતી માટે સુપ્રિમ કોર્ટના વન સ્ટોપ સેન્ટર અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દાહોદનો સંપર્ક કરી શકાય છે.

### થેલેસેમિયા વિશ્વ દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

# કાલોલ ખાતે રેડ ક્રોસ દ્વારા ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરાયું




(પ્રતિનિધિ) કાલોલ તા.8

કાલોલ ખાતે 8 મી મે ના રોજ થેલેસેમિયા વિશ્વ દિવસ નિમિત્તે રેડ ક્રોસ દ્વારા ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પ આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં દર્દીઓ એ લાભ લીધો 8 મી મે એટલે વિશ્વ દિવસ થેલેસેમિયા તરીકે ઉજવણી કરવામાં આવે છે તયારે કાલોલ રેડ ક્રોસ દ્વારા થેલેસેમિયા વિશ્વ દિવસ અંતર્ગત કાલોલ રેડ ક્રોસ સોસાયટી દ્વારા ફ્રી હેલ્થ ચેક અપ અને જન જાગૃતિ અભિયાન શરૂ કરવા માં આવ્યું હતું આ કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી નર અભિયાન ની શરૂઆત કરી હતી જેમાં મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા જેમાં ચેરમેન સતીષભાઈ શાહ, વાઈસ ચેરમેન ડૉ યોગેશ પંડ્યા, સેક્રેટરી ડૉ પ્રકાશ ઠક્કર, ડૉ સ્નેહા પરીખ, ડૉ મનસૂરી,એન એમ જી ટ્રસ્ટ ના પ્રમુખ પ્રકાશભાઈ, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશ પારેખ, ભરત ભાઈ વરિયા, રોહિત પારેખ, પત્રકાર યોગેશ કાછિયા, અને અન્ય મહાનુભાવો ની ઉપસ્થિતિમાં અભિયાન ની શરૂઆત કરી હતી જેમાં મોટી સંખ્યામાં દર્દીઓ એ લાભ લીધો હતો બપોર સુધી માં કુલ 65 દર્દી ને ફ્રી ચેક અપ કરવામાં આવ્યું હતું અને બી પી, ડાયાબિટીસ અંગે જાણકારી આપી.હતી અને સાથે થેલેસેમિયા વિશે ચર્ચા કરી હતી.

## હાલોલમાં બાગાયત અધિકારીઓ માટેનો તાલીમ કાર્યક્રમ સંપન્ન

(પ્રતિનિધિ) હાલોલ તા.8

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે બાગાયત નિયામક હરીસિંહ ચાવડા અને કુલપતિ પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડીયાના માર્ગદર્શન હેઠળ બે દિવસીય 'અધિકારી તાલીમ કાર્યક્રમ'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ બાગાયત નિયામકની કચેરી, ગોધરા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 'નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ્સ-ઓઈલપામ (NMEO-OP)' અંતર્ગત બાગાયત ખાતાના વિવિધ સંવર્ગના ૧૨૦ જેટલા અધિકારીઓએ ભાગ લીધો હતો. તાલીમના પ્રથમ દિવસે યુનિવર્સિટીના કુલપતિએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, જમીનની ફળદ્રુપતા અને માનવ આરોગ્ય માટે પ્રકૃતિ સાથેનો સંબંધ અતૂટ છે.

### આઠ વ્યક્તિઓ સામે નામ જોગ ફરિયાદ

# ઘૂસરમાં ખાણ ખનીજના અધિકારીઓ ઉપર હુમલો

(પ્રતિનિધિ) કાલોલ તા.8

ગુજરાત સરકાર દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની સતત જાહેરાતો વચ્ચે હવે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ઘૂસર ગામે ખનન માફિયાઓ બેફામ બન્યા હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. રાજ્યના ગૃહ રાજ્યમંત્રી અને ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીએ અનેક વખત જાહેરમાં જણાવ્યું છે કે ગુનેગારોને કોઈપણ સંજોગોમાં છોડવામાં નહીં આવે અને કાયદા વિરુદ્ધ કામ કરનારાઓ સામે કડક કાર્યવાહી થશે. બીજી તરફ ચોટીલામાં પ્રાંત અધિકારી એચ.ટી. મકવાણાએ પણ ગેરકાયદેસર ખનન વિરુદ્ધ કડક ઝુંબેશ ચલાવી હતી. ત્યારે ઘૂસર ગામની ગોમા નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતી ખનન અટકાવવા ગયેલા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ પર ખનન માફિયાઓએ હુમલો કર્યો હતો. માઈન્સ સુપરવાઈઝર કેયુરકુમાર સેંજળીયાએ વેજલપુર પોલીસ મથકે 8 નામજોગ આરોપીઓ અને અન્ય ટોળા સામે ફરિયાદ નોંધાવી છે. આરોપીઓએ લાકડીઓ, પાવડાના હાથા અને પથ્થરો વડે હુમલો કરી સરકારી કામગીરીમાં અડચણ ઉભી કરી હતી તેમજ રેતી ભરેલા ટ્રેક્ટરો લઈ ફરાર થયા હતા. ફરિયાદ મુજબ અધિકારીઓને ઈજાઓ પણ પહોંચી હતી. અગાઉ પણ આ વિસ્તારમાં ખાણ-ખનીજ વિભાગના કર્મચારીઓ પર હુમલાની ઘટના બની હતી. હવે પોલીસ આરોપીઓ સામે કેટલી કડક કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

## દાહોદમાં વિશ્વ રેડ ક્રોસ દિનની ઉજવણી કરાઈ

દાહોદ : ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખા દ્વારા વિશ્વ રેડ ક્રોસ દિવસ ની ઉજવણી કરાઈ વિશ્વ રેડ ક્રોસ દિવસ, રેડ ક્રેસન્ટ દિવસ અને વિશ્વ થેલેસેમિયા દિવસ છે જે આ મહાન માનવતા વાદી ચળવળના સ્થાપક હેનરી ડ્યુનાટ ના જન્મદિવસ ની ઉજવણીના ભાગરૂપની ઉજવણી ફ્રી ડેન્ટલ ચેકઅપ ફ્રી ફિઝિયોથેરાપી ચેક અપ તથા ફ્રી લેબોરેટરી ચેક અપ કેમ્પ કરી ઉજવવામાં આવી આ પ્રસંગે દાહોદ જિલ્લા શાખા ના ચેરમેન ગોપાલભાઈ ધાનકા વઈસ ચેરમેન દિનેશભાઈ શાહ મંત્રી રાજેશભાઈ ભટ્ટ સહમંત્રી એન કે પરમાર ગુજરાત રાજ્ય રેડ ક્રોસ ના પ્રતિનિધિ સાબીર શેખ કારોબારી સભ્ય નરેશભાઈ ચાવડા મુકુંદભાઈ કાબરાવાલા ડેન્ટિસ્ટ ડોક્ટર વૈશાલી જૈન ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર કરિશ્મા લોખંડે તેમજ સ્ટાફ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

### કાલોલમાં નિઃશુલ્ક સેમિનાર યોજાશે

# બાળકોને માર્કશીટથી નહીં પરંતુ સંવાદથી પણ સમજો

(પ્રતિનિધિ) કાલોલ તા.8

આજના સમયમાં બાળકોના ભવિષ્યને લઈને વાલીઓની ચિંતાઓ અને અપેક્ષાઓ સતત વધી રહી છે. સંવેદનશીલ અને સમયોચિત બાબતો પર અર્થપૂર્ણ ચર્ચા કરવા માટે "સામર્થ્યમ પેરેન્ટ્સ મીટ - Marks to Mastery" નું આયોજન તા. ૯ મેના રોજ સાંજે ૭:૧૫ વાગ્યે સિદ્ધનાથ મહાદેવ કાલોલ ખાતે નિઃશુલ્ક કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન અનિરાદિચિતા થિયેટર એન્ડ ફિલ્મ્સ એસોસિએશન તથા ધ થેસ્પિયન'સ ટ્રાઈબ દ્વારા કરાયું છે. માત્ર એક સેમિનાર નહીં પરંતુ એક સંવાદરૂપ બેઠક તરીકે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં વાલીઓ પોતાના વિચારો, ચિંતાઓ અને અનુભવો ખુલ્લા હૃદયથી વ્યક્ત કરી શકશે. કાર્યક્રમનું સંચાલન જાણીતા શિક્ષણવિચારક અને બોટની ફેસ્ટ વડોદરાના ડિરેક્ટર તથા IIT Classes ના ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર કૃષ્ણા સિંહ રાજપૂત અને યુવા સર્જક અનિકેત પંડ્યા દ્વારા કરવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ સાથે લાંબા સમયથી કાર્યરત કૃષ્ણા સિંહ રાજપૂત ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સાથે માનસિક-વ્યવહારિક તૈયારી પર ભાર મૂકતા આવ્યા છે. આ કાર્યક્રમમાં પ્રવચનો ઉપરાંત ખુલ્લી ચર્ચા અને "Parents' Voice Sharing" જેવા સત્રો પણ યોજાશે, જ્યાં વાલીઓ પોતાના અનુભવો અને પ્રશ્નો શેર કરી શકશે. આયોજકોના મતે, આજના સમયમાં બાળકોને સમજવા માટે માત્ર શૈક્ષણિક અભિગમ પૂરતો નથી, પરંતુ સંવેદનશીલ અને સર્જનાત્મક અભિગમ જરૂરી છે

## જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

તા.06-05-2026 કેસ નં.525/2025

**અરજદારશ્રી - મોહનીયા પ્રકાશભાઈ ગોરધનભાઈ રહે.નવાનગર તા-ધાનપુર જી-દાહોદ વિરૂધ્ધ સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી નવાનગર તા-ધાનપુર જી-દાહોદ**

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રી મોહનીયા પ્રકાશભાઇ ગોરધનભાઇએ તેમના પુત્રી નામે મોહનીયા પ્રિયાબેન પ્રકાશભાઇનો જન્મ તા.01-01-2011ના રોજ મુ. નવાનગર તા.ધાનપુર જિ. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોંગદનામાથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર, પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મુ.નવાનગર તા. ધાનપુર જિ. દાહોદના જન્મ મરણ રજિસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના મુત્ર,પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઇ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-30 (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ.જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ 6 માહે મે 2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

**સહી- એન.જે. ગોમતીવાલા, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર, ધાનપુર**

## જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

તા.02-04-2026 કેસ નં.566/2026

**અરજદાર: ગણાવા રૂપસીંગભાઈ વિરસીંગભાઈ રહે.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ**

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી ગણાવા રૂપસીંગભાઇ વિરસીંગભાઇના પુત્ર ગણાવા સુક્રમભાઇ રૂપસીંગભાઇનો જન્મ તા .૨૧/૦૮/૨૦૦૮ નારોજ ગામ.ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ-02-04-2026

સ્થળ : ગરબાડા

**સહી- એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર, ગરબાડા**